# કચ્છી યાત્રીઓ માટે પાક. હવનમાં હાડકા નાખે છે

## ભારતમાંના પાક હાઇ કમિશનરને સાંસદ પુષ્પદાન ગઢવીનો પત્ર

### "કચ્છના અને પાકમાં વસતા મૂળ કચ્છના લોકોને એકમેકના દેશોના ધર્મસ્થાનકો માટે પાક. તંત્ર વિઝા આપે"

ભુજ, તા. ૨૯ : કચ્છ વિસ્તારમાંના મોટીસંખ્યાના હિન્દુ તથા દલિત લોકોના તીર્થક્ષેત્રો પાકિસ્તાનમાં આવેલા હોઇ, ત્યાં યાત્રાએ જવાની તીવ્ર મનોકામના હોવા છતાં પાક. સરકાર દ્વારા સહેલાઇથી વિઝા અપાતા નથી તેવી જ રીતે મૂળ કચ્છના જે લાખો લોકો પાક.માં વસી રહ્યા છે તેઓનીય ભારતમાંનાં તીર્થક્ષેત્રોની યાત્રાની ઇચ્છા ભારત હોવા છતાં વિઝા ન અપાતા હોઇ પરિપૂર્ણ થતી નથી, એ મતલબની રજૂઆત કરી સાંસદ પુષ્પદાન ગઢવીએ ભારતમાંના પાક. હાઇ કમિશનરને આવી સ્થિતિનો ઉકેલ માટે ઘટતું કરવા વિનંતી કરી છે.

દેશના ભાગલા બાદ (શ્રી ગઢવીના મતવિસ્તારમાંથી) સાતથી આઠ લાખ લોકો કરાચીમાં કાયમી ધોરણે વસી ગયા છે. આ લોકો પેઢીઓથી કચ્છમાંના પોતાના આમજનો સાથે ગાઢ સંબંધોથી સંકળાયા હોવા છતાં અને એકમેકને મળવાની ઇચ્છા ધરાવતા રહ્યા છે. એટલું જ નહીં સીમાની બેઉ બાજુએ એટલે કે આ તરફ કચ્છમાં અને પાક.માં સિંધ તથા બલુચિસ્તાનમાં આ કચ્છના મૂળ કચ્છના લોકોના ધર્મસ્થાનકો, યાત્રાસ્થળો આવેલાં હોઇ, આ સ્થાનકોની મુલાકાત તેઓ લેવા માગતા હોય છે, પરંતુ પાક. સરકાર કચ્છ જિલ્લામાંના સીમાકીય વિસ્તારોની મુલાકાત લેવા વિઝા નથી આપતી, તેમ જ પાક.ના દક્ષિણીય ભાગો (જેમ કે સિંધમાં મીઠી, થરપારકર અને ઉમરકોટ તથા બલુચિસ્તાનના લાસબેલ જિલ્લામાં સ્થાનકોની મુલાકાત લેવા કચ્છના લોકોને પાક. સરકાર વિઝા નથી આપતી, બેઉ દેશો વચ્ચે સંબંધો સુધારી રહ્યા છે, તથા '૭૪ના ભારત-પાક. વિઝા કરાર થયા છે, અને ધર્મસ્થાનકોની મુલાકાત અંગે '૭૪માં પ્રોટોકલ થયું છે, તો વળી '૮૨માં કોન્સ્યુલર એકસેસનું પ્રોટોકલ થયું છે.

તે જોતાં પોતાના મતવિસ્તારના લોકોને પાક.માંના આ ધર્મસ્થાનકો (બલુચિસ્તાનના લાસબેલ જિલ્લામાંનું હિંગળાજ માતાનું મંદિર, સિંધમાં ઘાણી માતંગદેવ, મતિયા પીર, ઉમરકોટ જિલ્લામાંનું પિથોરા પીર સ્થાનક વ.) ની મુલાકાત લેવા માગનાર અરજદારોને વિઝા મળતી થાય તે માટે ઘટતાં પગલાં લેવાની વિનંતી શ્રી ગઢવીએ પાક. હાઇ કમિશનરને પાઠવેલા પત્રમાં કરી છે.

# ખાણની લીઝ કરવાના વિરોધમાં થાનગઢે સજજડ બંધ પાળ્યો

થાનગઢ તા. ૨૯ : થાનગઢમાં આજે પાંચાળ કવોરી કાર્બનશેલ એસોસીએશન તથા થાનગઢ વેપારી એસોસીએશન દ્વારા કાર્બનશેલની ખાણોની લીઝ રદ કરવાના હુકમના વિરોધમાં થાનગઢ બંધનું એલાન આપવામાંઆવ્યુંહતું. તેનાપ્રત્યાઘાતરૂપે આજે થાનગઢમાં તમામ બજારો બંધ હતી. થાનગઢની મુખ્ય બજાર, શાક માર્કેટ સહિત સંપૂર્ણ બંધ પળાયો હતો.

થાનગઢ તેમજ આજુબાજુમાં આવેલી કાર્બનશેલની ખાણોની લીઝ રદ થતાં સેંકડો મજૂરો બેકાર થયા છે. તેની સાથે સંકળાયેલા બીજા ધંધાર્થીઓ જેવા કે ટ્રક માલિકો, ટ્રેકટરચાલકો સહિતના બેકાર બનતા પાંચાળ કવોરી લીઝ સંગઠન દ્વારા આંદોલનના મંડાણ થયા છે. અગાઉ કલેકટરને આવેદનપત્ર આપવામાંઆવ્યુંહતુંઅનેઆજેથાનગઢ બંધનું એલાન હતું. આ માટે પાનની દુકાન- કેબીનો પણ બંધમાં જોડાયા હતાં. ભરતભાઇ દક્ષીણી, દિનુભાઇ ભગત, ભરતભાઇ મેઢાં, મનુભાઇ ભરવાડ વગેરે કાર્યરત હતાં.